**કૃષિ મહોત્સવ–૨૦૧૬ મેગા ઈવેન્ટ સમારોહ''ના આયોજન માટે હાથ ધરવામાં આવેલ કામગીરીની સમીક્ષા માટે માન.કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને તા.૦૬/૦૫/૨૦૧૬ના રોજ બપોર બાદ ૫.૦૦ કલાકે યુનિવર્સિટી ભવન કોન્ફરન્સ હોલ, નવસારી ખાતે મળેલ સમીક્ષા બેઠકની કાર્યવાહીની નોંધ**

સદરહુ બેઠકમાં વિવિધ સમિતિઓના કન્વીનર અને સહ કન્વીનર મળીને નવસારી કૃષિ યુનિવર્સિટીના ૩૦ જેટલાં અધિકારીશ્રીઓ, પ્રાધ્યાપકો અને વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ સમિતિઓ દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી અને જે તે સમિતિઓને ફાળવવામાં આવેલ કામગીરી ઉપરાંત તેમાં જરૂરી જણાતી નીચે મુજબની બાબતોનો સમાવેશ કરી તે મુજબ અમલ કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યુ.

| અ.નં. | કામગીરી | કન્વીનર/અધિકારી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | કૃષિ પ્રદર્શનમાં યુનિવર્સિટીના સ્ટોલ્સની યોગ્ય ગોઠવણી કરવી, જેમાં મહત્વની ટેકનોલોજીના સ્ટોલ શરૂઆતના ભાગમાં ગોઠવવા. | ડૉ. જે.જે.માકડીયા, પ્રાધ્યાપક અને વડાશ્રી, અર્થશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃ.મ, નકૃયુ, નવસારી |
| ૨. | યુનિવર્સિટીના શરૂઆતના સ્ટોલ આગળ માન.મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરવા માટે પુષ્પ ગુચ્છ તૈયાર રાખવા. | |
| ૩. | મુખ્ય સ્ટેજ ઉપર મહાનુંભાવોને આપવાની ફાઈલોમાં યુનિવર્સિટીની માહિતી દર્શાવતું સાહિત્ય (NAU At a glance) મૂકવું. | ડૉ. બી.આર. પરમાર, પ્રાધ્યાપક (બાગાયત), ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૪. | બે એનાઉન્સર પૈકીના એક એનાઉન્સર તરીકે ડૉ. મેહુલ ઠકકરને રાખવા અને તે માટેની પુરતી તૈયારી કરવી. | |
| ૫. | મુખ્ય સ્ટેજ ઉપર કોલેજની ૧૦ વિદ્યાર્થીનીઓને યુનિફોર્મ ડ્રેસમાં તૈયાર રાખવી. | |
| ૬. | મુખ્ય સ્ટેજ ઉપર મહાનુંભાવોને આપવા માટેની ફળો/શાકભાજી/કઠોળની ૨૦ ટોપલીઓ તૈયાર કરવા માટે ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવું. | |
| ૭. | માન.મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરવા માટે કૃષિ પેદાશોનો ઉપયોગ કરીને હાર તૈયાર કરવા માટેની કામગીરી. | ડો. શૈલેષ માલી, શેરડી વિભાગ, નકૃયુ, નવસારી |
| ૮. | યુનિવર્સિટીના સ્ટોલ ધારકોએ LCD 8LJL 5ZYL પોતાના વિભાગની માહિતી દર્શાવતી વિડીયો ફિલ્મ મુલાકાતીઓ માટે સતત ચાલું રાખવી. | LCD ફાળવવામાં આવે તે દરેક સ્ટોલ ધારકો |
| ૯. | ભોજન વ્યવસ્થા માટે જિલ્લા વહિવટી તંત્ર સાથે પરામર્શ કરીને સંખ્યા, સ્થળ નકકી કરવા. | ડૉ. એચ.આર. પંડયા, ડીનશ્રી, અસ્પી એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નકૃયુ, નવસારી |
| ૧૦. | સ્ટોલની કામગીરી સંભાળનાર યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો માટે તા.૧૧ થી ૧૩/૦૫/૨૦૧૬ દરમ્યાન ભોજન વ્યવસ્થા ગોઠવવી. | |
| ૧૧. | સેમિનારમાં ભાગ લેનાર ખેડૂતો માટે તા.૧૨/૦૫/૨૦૧૬ના રોજ સાંજે અને તા.૧૩/૦૫/૨૦૧૬ના રોજ બપોરે ભોજન વ્યવસ્થા ગોઠવવી. | |
| ૧૨. | સબંધિત ખાતા સાથે સંપર્ક/સંકલન કરી સેમિનારનું આયોજન કરવું. | સેમિનારના કન્વીનરશ્રીઓ |

ઉપરોકત કામગીરીનો ચૂસ્તપણે અમલ થવા વિનંતી છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૧૩/૨૦૧૬
નવસારી તા. ૦૭/૦૫/૨૦૧૬

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. ઉપરોકત કોષ્ટકમાં કોલમ–૩માં દર્શાવેલ અધિકારીશ્રી/કન્વીનરશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.